ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શેરી ગરબાને મંજુરી : ગરબા પ્રેમીઓમાં ખુશીની લહેર છવાઈ

## રાત્રિના ૧૨ વાગ્યા સુધી ગરબાના આયોજન માટે મંજુરી : ૪૦૦ ની હાજરી માટે છુટછાટ અપાઇ : બે વર્ષના અંતે સેકટરોની શેરીઓમાં ગરબાની રમઝટ જામશે

ગાંધીનગર તા ૨૪

કોરોનાના કપરા કાળમાં છેલ્લા બે વર્ષથી નવરાત્રિ મહોત્સવની ઉજવણી થઈ શકી નથી ત્યારે હાલ કોરોનાનુ સંક્રમણ ઘટ્યુ છે. ત્યારે આગામી નવરાત્રિ મહોત્સવને અનુલક્ષી સરકારે શેરી ગરબાના આયોજન માટે મંજુરી આપતા ગરબારસિકોમાં હર્ષની લાગણી વ્યાપી છે. જો કે પાર્ટી પ્લોટના આયોજકોએ અગાઉ જ ગરબા નહીં યોજવાની જાહેરાત કરી દીધી છે. ત્યારે આ વર્ષે સેકટરોની શેરીઓમાં ગરબાની રંગત જામશે. રાત્રિના ૧૨ વાગ્યા સુધી ગરબાના આયોજન માટે છુટ આપવામાં આવી છે. નવરાત્રિ મહોત્સવ દરમિયાન સેકટરોની શેરીઓમાં ગરબાની રમઝટ જામશે. સરકારની જાહેરાતના પગલે શેરી ગરબાના આયોજકો પણ તૈયારીમાં લાગી ગયા છે.

કોરોનાના કપરા કાળમાં છેલ્લા બે વર્ષથી તમામ તહેવારોની ઉજવણીનો રંગ ઉડી ગયો છે. કોરાનાના વધતા સંક્રમણ વચ્ચે છેલ્લા બે વર્ષથી તહેવારોની ઉજવણી થતી નથી. જેમાં ખાસ કરીને નવરાત્રિ પર્વને કોરોનાનુ ગ્રહણ લાગતા ખૈલેયાઓ તેમજ ગરબા રસિકોમાં પણ નારાજગી વ્યાપી હતી. જયારે આ વર્ષે કોરોનાની બીજી લહેર બાદ હાલ કોરોનાનુ સંક્રમણ કાબુમાં છે. જયારે છેલ્લા ઘણાં સમયથી નવરાત્રિ મહોત્સવની ઉજવણી અંગે સરકારના નિર્ણય તરફ આમ નાગરિકો તેમજ ગરબારસિકોની નજર મંડરાઈ હતી. જો કે નવરાત્રિ મહોત્સવના આયોજનને અનુલક્ષી શહેરમાં મોટાપાયે ગરબા મહોત્સવનુ આયોજન થવાનુ નથી. આ મામલે શહેરની કલા સંસ્થાઓએ અગાઉ જાહેરાત કરી દીધી હતી. જયારે આજે સરકારે શેરી ગરબાના આયોજન માટે છુટ આપતા ગરબા પ્રેમીઓમાં હર્ષની લાગણી વ્યાપી છે. સેકટરોની શેરીઓમાં પણ રોશનીની ઝાકમઝોળ વચ્ચે ગરબાની રમઝટ જામે છે. પરંતુ કોરોનાના કપરા સમયમાં છેલ્લા બે વર્ષથી નવરાત્રિ મહોત્સવની ઉજવણી થઈ ન હતી ત્યારે હવે આ વર્ષે સરકારે છુટછાટ આપતા ગરબા પ્રેમીઓમાં ખુશીની લહેર વ્યાપી છે. એકબાજુ શહેરમાં ગરબાના વર્ગો પણ ચાલી રહ્યા છે. ત્યારે પાર્ટી પ્લોટ કે સંસ્થાકીય ગરબા મહોત્સવનુ આયોજન નહીં કરવાની જાહેરાત કરી દેવાઈ છે. ત્યારે શહેરમાં આ વર્ષે શેરી ગરબાનુ આયોજન વધુ ભવ્ય બની રહેશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

### લગ્ન મહોત્સવમાં પણ હવે ૪૦૦ વ્યકિતઓને આમંત્રણ આપી શકાશે

સરકારે આગામી નવરાત્રિ મહોત્સવને અનુલક્ષી શેરી ગરબાના આયોજનને મંજુરી આપતા ગરબા પ્રેમીઓમાં હર્ષની લાગણી વ્યાપી છે. બીજીતરફ લગ્ન મહોત્સવના આયોજનને અનુલક્ષીને પણ સરકારે મહત્વની જાહેરાત કરી છે. અત્યાર સુધી લગ્ન મહોત્સવમાં માત્ર ૨૦૦ વ્યકિતઓને જ એકત્રિત કરવાની છુટ આપવામાં આવી હતી જયારે હવે લગ્ન સમારંભમાં પણ ૪૦૦ વ્યકિતઓ માટે છુટછાટ આપવામાં આવી છે. જેના લીધે લગ્ન મહોત્સવના આયોજકોમાં પણ આનંદની લાગણી વ્યાપી છે.

# સરકારની નીતિ વિરૂદ્ધ ભાજપ શાસિત પંચાયતના ૩ પ્રસ્તાવોએ રાજકીય વિવાદ જગાવ્યો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ગઈકાલે અધ્યક્ષસ્થાનેથી રજુ થયેલા પ્રસ્તાવો પૈકી બે પ્રસ્તાવોએ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે. આ બન્ને પ્રસ્તાવો સરકારની વર્તમાન નીતિના વિરૂદ્ધ હોવાથી તે પ્રતિસેધ થશે તેમ મનાઈ રહ્યુ છે.

સામાન્ય સભાએ જિલ્લા પંચાયત ગાંધીનગરની રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના સરપંચો તેમજ સદસ્યોની માંગણીને ધ્યાને રાખતા જિલ્લા પંચાયત રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી આર.સી.સી. રોડની મંજૂરી મેળવવા માટે વિકાસ કમિશનરની મંજૂરી મેળવવા બાબતનો ઠરાવ પસાર કરાયો છે.

આ પ્રસ્તાવમાં કોંગ્રેસના સભ્યોએ રેતી-કાંકરીની ગ્રાન્ટ કેટલી મળે છે અને કેટલી આપી તેવો પ્રશ્ન પુછ્યો હતો પરંતુ વિકાસની વાત છે તમે ખોટી વાતો કરી સમય ના બગાડો મંજૂર કરીએ છીએ તેમ કહી મંજૂર કરવામાં આવ્યો હતો.

આ પછી રેતી-કાંકરી તેમજ સ્વભંડોળની ગ્રાન્ટમાંથી એલ.એઈ.ડી. હાઈમાસ્ક ટાવરના કામોને પણ મંજૂરી આપતો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

આર.સી.સી. રોડ અને એલ.ઈ.ડી. લાઈટના કામો પર રાજ્ય સરકારે જ પ્રતિબંધ લાદ્યો હોવા છતાં ભાજપની પંચાયતે જ આ પ્રસ્તાવો પસાર કરતાં રાજકીય વર્તુળોમાં આ મુદ્દો ભારે ચર્ચાનો મુદ્દો બન્યો છે.

ગઈકાલે જિલ્લા પંજચાયતની સામાન્ય સભામાં અધ્યક્ષસ્થાનેથી ૭ જેટલા પ્રસ્તાવો પસાર કરવામાં આવ્યા હતા. રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી સભ્યો દ્વારા સૂચવવામાં આવેલા કામોને પણ તાત્કાલિક વહીવટીય મંજૂરી આપવાનો પ્રસ્તાવ કરી અને તંત્ર કામ નથી કરતુ તેવી છાપ ઉપસાવવાનો પ્રયાસ કરાયાની વાત પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

અધ્યક્ષસ્થાનેથી રજુ થયેલા સાત પ્રસ્તાવોમાંથી ૩ પ્રસ્તાવો રેતી-કાંકરીની ગ્રાન્ટને લઈ હોવાથી રાજકીય વર્તુળોમાં આ ચર્ચાએ વધુ વિવાદ વકરાવ્યો છે.

જિલ્લામાં વિકાસના કામો ઠપ્પ થઈ ગયા છે તેમજ ૧૫માં નાણાપંચના કામોમાં પણ વહીવટીય મંજૂરીઓમાં થઈ રહેલા વિલંબની સભ્યોની રજુઆત અને આક્રોશને ટાળવા આ પ્રસ્તાવો પસાર કરાયાની ચર્ચા રાજકીય વર્તુળોમાં છે.

# ગાંધીનગરના ૬ યુવાનો બુલેટ પર ૭ રાજ્યોના ચાર હજાર કિ.મી.નો પ્રવાસ કરશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના છ યુવાનો સાત રાજ્યોનો પ્રવાસ બુલેટ પર 'ઈસ્ટ ઓર વેસ્ટ ઈન્ડિયા ઈઝ ધી બેસ્ટ'ના સંદેશા સાથે નીકળ્યા છે.



૧૮મી સપ્ટેમ્બરથી ૨જી ઓકટો. સુધીના આ પ્રવાસ દરમ્યાન તેઓ આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, અરૂણાચલપ્રદેશ અને સિક્કિમ તેમજ મિઝોરમ થઈ પરત ફરશે. આ યુવાનો અગાઉ લદ્દાખના પ્રવાસે પણ ગયા હતા.

આ યુવાનોના નામ ધર્મદીપસિંહ રાઓલ (બિઝનેશમેન), અભિજીતસિંહ પરમાર (પ્રોફેસર પી.ડી.પી.યુ.), દક્ષ પંચાલ (સોફટવેર ડેવલપર), જયરાજસિંહ ઝાલા (નાયબ મામલતદાર), ચંદ્રમૌલિ પટેલ (બિઝનેશમેન), પારસ જૈન (બિઝનેસમેન)નો સમાવેશ થાય છે.

૪ હજાર કિ.મી.થી આ પ્રવાસ છે અને છ એ યુવાનો બુલેટ પર જ રાત દિવસનો સમય પસાર કરશે. ૧૫ દિવસના પ્રવાસ દરમ્યાન તે રોમાંચક મુસાફરી માટે તેઓ મનથી મક્કમ છે.

# સેકટરોમાં માર્ગો પર ગાબડા દુર કરવા તંત્રની ટીમ કામે લાગી



## વરસાદી દિવસોમાં સેક્ટરોના માર્ગોનુ ધોવાણ : સેક્ટરોના રીંગ રોડ તેમજ આંતરિક માર્ગોની દશા ખરાબ ગાબડા પુરવા માટે પણ તંત્રએ સર્વે હાથ ધર્યો

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં સેકટરોમાં રીંગ રોડ તેમજ આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. છેલ્લા ચાર પાંચ વર્ષથી સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ન ધરાયુ હોય તેવા વિસ્તારમાં રસ્તાઓની હાલત વધુ ખરાબ છે. જયારે વરસાદી દિવસોમાં પણ માર્ગોનુ ધોવાણ થયુ છે. કેટલાક ઠેકાણે ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જેને અનુલક્ષીને માર્ગો પરના ગાબડા પુરવા તેમજ પેચીસ કરવા માટે તંત્રની ટીમ કામે લાગી છે.

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં દુવિધાઓનો ઢગ ખડકાયો છે. સેકટરોમાં ઠેર ઠેર ગંદકી અને કચરાના ઢગ જોવા મળે છે. એકબાજુ સેકટરોના એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવાનુ કામ ચાલી રહ્યુ છે. જેના લીધે સેકટરોમાં એપ્રોચ માર્ગની બન્ને તરફ ખાડા ખોદાયેલા જોવા મળે છે. વરસાદી દિવસો દરમિયાન નગરના અનેક માર્ગો પર ગાબડા જોવા મળે છે. સેકટરોના રીંગ રોડ તેમજ આંતરિક માર્ગો પણ વરસાદમાં ધોવાણ થવાના લીધે ઉબડ ખાબડ બન્યા છે. આવા સંજોગોમાં વરસાદી દિવસોના અંતે સેકટરોમાં માર્ગ સુધારણાના કામો પણ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે પરંતુ હાલ શહેરમાં માર્ગો પર અસ્તિત્વમાં આવેલા ગાબડા પુરવા માટે તંત્રએ અભિયાન હાથ ધર્યુ છે. સેકટરોમાં માર્ગો પર પેચીસ પડી ગયા હોય તેવા ઠેકાણે પણ સમારકામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. મુખ્યમંત્રીની સુચના મુજબ આગામી ઓકટોબર મહીનાના પ્રારંભે રાજયમાં માર્ગો પર પડેલા ગાબડા દુર કરવા માટ માર્ગ મકાન વિભાગને સુચના આપવામાં આવી છે. ત્યારે પાટનગરમાં પણ છેલ્લા ઘણાં સમયથી માર્ગોની હાલત

● અનુસંધાન-૭ પર

# માર્ગ સુધારણા પાછળ થતા તોતિંગ ખર્ચ પર પેવરકામના લીધે પાણીઢોળ

## સેકટરોના રીંગ રોડ તેમજ આંતિરક માર્ગોની આસપાસ પેવરબ્લોકની આડેધડ કામગીરીના લીધે નિચાણમાં ધકેલાયેલા માર્ગોનુ વરસાદી પાણીમાં ધોવાણ



ગાંધીનગર તા ૨૪

સ્માર્ટ ગાંધીનગરમાં અવનવી યોજનાઓના અમલ વચ્ચે અનેક સુવિધાઓને વિપરિત અસર થઈ રહી છે. સેકટરોમાં આડેધડ પેવર બ્લોક લગાવી દેવાતા નિચાણમાં ધકેલાયા આંતરિક માર્ગોનુ અસ્તિત્વ જોખમાયુ છે. સેકટરોમાં આંતરિક માર્ગો તેમજ રીંગ રોડ પર જરા અમથા વરસાદમાં પણ જળબંબાકાર જોવા મળે છે. જેના લીધે માર્ગોની સુધારણા પાછળ કરવામાં આવેલા તોતિંગ ખર્ચ પર પાણીઢોળ થઈજાય છે.

શહેરના સેકટરોમાં પાંચ સાત વર્ષે માર્ગોના રીસરફેસીંગની કામગીરી હાથ ધરવામાં આવે છે. સર્કલોની નગરી તરીકે ઓળખાતા શહેરની ઓળખ ધીમે ધીમે બદલાઈ રહી છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં વિકાસના નામે હરિયાળીનુ નિકંદન વળી રહ્યુ છે. જેના લીધે સ્થાનિકોમાં પણ રોષ પ્રવર્તાયો છે. સ્માર્ટ બનાવવાની લ્હાયમાં અસલ ગાંધીનગરના મનભાવન દ્રશ્યો અદ્રશ્ય થઈ રહ્યા છે. શહેરમાં અન્ડર પાસ તેમજ માર્ગ વાઈડનીંગના કામો પણ નગરને તોડી મરોડીને સોહામણુ બનાવાના પ્રયાસો સ્વરૂપ હોવાનો રોષ નાગરિકો ઠાલવી રહ્યા છે. સ્માર્ટ સીટી અન્વયે નગરને હાઈટેક બનાવવા માટે

● અનુસંધાન-૭ પર

# મનપા કમિશનરની ભાટ વિઝીટે વિવાદ સર્જ્યો

## મ્યુ.કમિશનરે ભાટમાં ગુપ્ત બેઠક યોજી આચારસંહિતાનો ભંગ કર્યો : કોંગ્રેસ : મ્યુ. કમિશનર આડકતરી રીતે ભાજપ તરફી પ્રચાર કરી રહ્યા છે : પ્રદિપસિંહ વાઘેલા : વાડ જ ચીભડાં ગળે ત્યારે કોને ફરિયાદ કરવા જવી તેવી પરિસ્થિતિ : જયરાજસિંહ પરમાર : આમ આદમી પાર્ટીએ રાજ્ય ચૂંટણી કમિશ્નરને આવેદનપત્ર આપી મ્યુ. કમિશનર વિરૂદ્ધ પગલાં ભરવા માંગ કરી

ગાંધીનગર, તા.૨૪

એક તરફ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની કમિશ્નર સિટી એન્જિનિયર પંડ્યા સહિત પોતાના સ્ટાફ સાથે શહેરમાં સમાવિષ્ટ નવા ગ્રામીણ તરફી પ્રચાર કરી રહ્યા હોવાનો ગંભીર આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે.



ચુંટણીનો માહોલ ગરમાયો છે અને ચુંટણી પંચની આચાર સંહિતા લાગુ છે ત્યારે બીજી તરફ ગાંધીનગરના મ્યુનિસિપલ વિસ્તારો તેમજ નવી જાહેર થયેલી ટીપીના વિકાસની ચર્ચાઓ કરવાના બહાને ગુપ્ત મિટિંગો યોજીને આડકતરી રીતે ભાજપ

આજે બપોરે ભાટ ખાતે હોટેલ ગેલેક્સી ઈનમાં ચાલી રહેલી એક બેઠકમાં મ્યુનિસિપલ

● અનુસંધાન-૭ પર

### આચારસંહિતાનો ભંગ થયો જ નથી : કમિશનર કચેરી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર મનપાની ચૂંટણીમાં કમિશનરશ્રી દ્વારા આચારસંહાતિનો ભંગ થયાની ફરિયાદ સામે આજે મોડીસાંજે મ્યુનિસિપલ કમિશનરની કચેરી દ્વારા રદિયો આપવામાં આવ્યો છે.

કમિશનરશ્રીની કચેરી દ્વારા જણાવવામાં આવ્યા મુજબ ૨૩/૯/૨૦૨૧ના રોજ તેઓ ભાટ ગામે ગયા જ નથી કે ફરિયાદીને ઓળખતા પણ નથી. ૨૪મીના સ્મ્પ પેપર ૨૩/૯/૨૦૨૧ની એફીડેવિટ થવી શક્ય નથી. તા. ૨૪/૯/૨૦૨૧ના રોજ તેમની ફરજના ભાગરૂપે ભાટ ગામ અને તેની ટી.પી. વિસ્તારની મુલાકાત લેવામાં આવેલી હતી. તેમની સાથે બે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, મનપા ઈજનેર અને ટાઉન પ્લાનીંગના કર્મચારીઓ, સેનીટેશનની કામગીરી સંભાળતા અધિકારીઓ હતા. ગામની રૂટીન વિઝિટ દરમિયાન તાબા હેઠળના કર્મચારીઓને રૂટીન સંલગ્ન કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપેલ છે. કોઈ નીતિ વિષયક નિર્ણય લીધેલ નથી કે જાહેરાત કરેલ નથી કે કોઈ પ્રલોભન આપેલ નથી કે કોઈ પક્ષનો પ્રચાર કરેલ નથી. કાર્યક્ષેત્રની વિઝિટ કરવી અને કામગીરી કરવી તે રૂટીન બાબત છે. આ હકીકત રેકર્ડ આધારિત છે અને ચૂંટણીની આચારસંહિતાનો ભંગ થયેલ નથી.

**Female Home Tutor Requirement**

A Female candidate, having basic knowledge of English, Computer and can guide 3rd Standard kid in online Class, offline studies and uploading/downloading of documents/content from online portal is invited to submit her interest with bio data and expected salary within a week to rudrijns@gmail.com. Timings will be 10:30 am. to 5:00 pm. at Home in Raysan area, Gandhinagar.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
**ટચૂકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com